સુપ્રીમકોર્ટના જસ્ટિસ તરીકે શાહે લીધેલા વિધિવત્ શપથ

શપથ ગ્રહણ બાદ ચારેય નવનિયુક્ત જજે સુપ્રીમ કોર્ટના જજ તરીકે પદભાર સંભાળ્યો : સુપ્રીમમાં ૨૮ જજ થયા

અમદાવાદ, તા.૨

સુપ્રીમકોર્ટની કોલેજીયમ દ્વારા મૂળ ગુજરાતી અને અમદાવાદના એવા ગુજરાત હાઈકોર્ટના તત્કાલીન વરિષ્ઠ ન્યાયમૂર્તિ અને પટણા હાઈકોર્ટના

ચીફ જસ્ટિસ શ્રી એમ.આર.શાહ, ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટિસ શ્રી આર.સુભાષ રેડ્ડી, મધ્યપ્રદેશ હાઈકોર્ટના ચીફ જસ્ટિસ શ્રી હેમંત ગુપ્તા અને ત્રિપુરા હાઈકોર્ટના ચીફ જસ્ટિસ શ્રી અજય રસ્તોગીએ આજે સુપ્રીમકોર્ટના જસ્ટિસ તરીકે વિધિવત્ શપથ ગ્રહણ કર્યા હતા.

સુપ્રીમકોર્ટના ચીફ જસ્ટિસ રંજન ગોગોઈ દ્વારા ચારેય નવનિયુક્ત જજીસને સુપ્રીમકોર્ટની ચીફ કોર્ટમાં જ હોદ્દા અને ગુપ્તતાના શપથ લેવડાવાયા હતા. સુપ્રીમકોર્ટમાં આ નવા ચાર જસ્ટિસની વિધિવત્ નિયુક્તિ સાથે જ સુપ્રીમકોર્ટમાં જજીસની સંખ્યા ૨૮ની થઈ છે. હવે સુપ્રીમકોર્ટમાં જજીસની કુલ મંજૂર જગ્યા ૩૧ કરતાં ત્રણ જજીસની ઘટ છે. સુપ્રીમકોર્ટના જજ તરીકે આપણા ગુજરાતી અને મૂળ અમદાવાદના એવા જસ્ટિસ શ્રી મુકેશકુમાર રસિકભાઈ શાહે આજે શપથ ગ્રહણ કરતાંની સાથે જ ગુજરાતના ન્યાયતંત્ર સહિત સમગ્ર ગુજરાત રાજયમાં ખુશીની લાગણી છવાઈ ગઈ હતી.

કારણ કે, ગુજરાતના ન્યાયતંત્ર માટે આ બહુ મોટી અને ગૌરવપૂર્ણ ઘટના હતી. ઉલ્લેખનીય છે કે, બે મહિના પહેલાં શહેરમાં બિસ્માર રસ્તાઓ, આડેધડ પાર્કિંગ અને રખડતા ઢોરોની સમસ્યાને લઈ ગુજરાત હાઈકોર્ટના તત્કાલીન વરિષ્ઠ ન્યાયમૂર્તિ જસ્ટિસ શ્રી એમ.આર.શાહે અમ્યુકો, પોલીસ તંત્ર સહિતના સત્તાધીશોને કરેલા અસરકારક નિર્દેશોનું જ પરિણામ છે કે, હાલ અમદાવાદ અને રાજયના મોટા શહેરોમાં ટ્રાફિક નિયમન, આડેધડ પાર્કિંગ, ગેરકાયદે બાંધકામો-દબાણો દૂર કરવા અંગે અસરકારક ડ્રાઈવ ચાલી રહી છે. જસ્ટિસ એમ.આર. શાહના બાહોશીભર્યા અંદાજ અને જ્ઞાનસભર તેમ જ અભ્યાસુ ચુકાદાઓને લઈને માત્ર ગુજરાત જ નહી પરંતુ સમગ્ર દેશના ન્યાયતંત્રમાં તેમણે એક અનોખુ ઉદાહરણ અને પ્રેરણા પૂરા પાડયા હતા. ગુજરાતના ન્યાયતંત્રમાં જસ્ટિસ શ્રી એમ.આર.શાહે સોનેરી ઈતિહાસ રચી તેમની છબી યાદગાર બનાવી દીધી છે.

સૌરાષ્ટ્રના માર્કેટ યાર્ડમાં હડતાળથી કામગીરી ઠપ

કૃષિમંત્રી ફળદુના પુતળાનું દહન કરાયું : ભાવાંતર યોજના તાત્કાલિક લાગુ કરવા વેપારીની માંગ

અમદાવાદ,તા.૨

રાજય સરકાર દ્વારા અગાઉ ટેકાના ભાવે ખરીદીમાં થયેલા કૌભાંડો બાદ ખેડૂતોના હિતમાં તાત્કાલીક અસરથી ભાવાંતર યોજના લાગુ કરવાની માંગણીનું સરકાર દ્વારા નિરાકરણ નહી આવતા આખરે રાજકોટ સહિત સૌરાષ્ટ્રના માર્કેટિંગ યાર્ડોમાં અચોક્કસ મુદતની હડતાળ શરૂ થતાં તેના ઘેરા પ્રત્યાઘાત આજે સામે આવ્યા હતા. આજે રોષે ભરાયેલા વેપારીઓ દ્વારા રાજકોટમાં રાજયના કૃષિમંત્રી આર.સી.ફળદુના પૂતળાનું દહન કરવામાં આવ્યું હતું અને જોરદાર સૂત્રોચ્ચાર અને દેખાવો કરી ઉગ્ર દેખાવો કરવામાં આવ્યા હતા. વેપારીઓએ તેમના અને ખેડૂતોના હિતમાં તાત્કાલિક ધોરણે ભાવાંતર યોજના લાગુ કરવા ઉગ્ર માંગણી કરી હતી. સમગ્ર સૌરાષ્ટ્રના માર્કેટયાર્ડના વેપારીઓની હડતાળને પગલે તમામ કામગીરી ઠપ્પ થઈ ગઈ છે, તો બીજીબાજુ, હડતાળના કારણે ખેડૂતોની હાલત પણ કફોડી બની છે. સરકારની નીતિ સામે સૌરાષ્ટ્ર એપીએમસી વેપારી એસોસીએશને આંદોલનનું રણશીંગું ફૂંક્યું છે. જે અંતર્ગત ગઈકાલથી રાજકોટ સહિત સૌરાષ્ટ્રના માર્કેટિંગ યાર્ડોમાં અચોક્કસ મુદતની હડતાળ શરૂ કરવામાં આવી છે. જેને પગલે કરોડો રૂપિયાના વ્યવહારો અટકી પડયા છે. એક તરફ વેપારીઓ હડતાળ પર ઉતર્યા છે. જ્યારે બીજી તરફ સરકારે ખેડૂતોની ખરીદી માટે નોંધણી શરૂ કરી છે. તા.૧ નવેમ્બરથી તા.૩૦ નવેમ્બર સુધી સરકાર નોંધણી કરશે. જેમાં તા.૧૫ નવેમ્બરથી સરકાર દ્વારા મગફળીની ખરીદી શરૂ કરાશે. આ ખરીદીમાં ગેરરીતિ અટકાવવા માટે સરકારે નવા નિયમો પણ બનાવ્યા છે. જો કે આજે સતત બીજા દિવસે નોંધણી કરાવવામાં ખેડૂતોને મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હોવાનું જાણવા મળ્યું હતું. સરકાર દ્વારા તા.૧૫ નવેમ્બરથી ટેકાના ભાવે મગફળીની ખરીદીની જાહેરાત કરાઈ છે. પરંતુ મોટાભાગના ખેડૂતોને ટેકાની ખરીદી પહેલા તેમનો માલ વેચી દેવો પડે છે અને ખેડૂતોને રાહત મળતી નથી. યાર્ડના વેપારી સંગઠનોએ ભાવાંતર યોજના લાગુ કરવાની માંગને સરકારે સાંભળી નહી હોઈ ગઈકાલથી સૌરાષ્ટ્રના ૩૦ ઉપરાંત માર્કેટ યાર્ડમાં અચોકકસ મુદતની હડતાળ જાહેર કરાઈ હતી., જેના કારણે કરોડો રૂપીયાના વ્યવહારો અટકી પડયા છે અને બધી કામગીરી ઠપ્પ થઈ ગઈ છે. ભાવાંતર યોજનાની અમલવારી કરવામાં સરકારની નકારાત્મકતાને લઈને સમગ્ર વેપારી વર્તુળમાં ઉગ્ર આક્રોશ ફેલાયો છે. અન્ય રાજ્યોમાં સારી રીતે ચાલતી આ વ્યવસ્થાને ગુજરાતમાં અમલવારી માટે વેપારી સંગઠનો માંગ કરી રહ્યા છે. દરમ્યાન રાજકોટમાં તો, રોષે ભરાયેલા વેપારીઓએ રાજયના કૃષિમંત્રી આર.સી.ફળદુના પૂતળાનું દહન કરી જોરદાર સૂત્રોચ્ચાર સાથે દેખાવો યોજયા હતા, જેને લઈ વાતાવરણ ગરમાયું હતું. સરકાર ઈરાદાપૂર્વક ભાવાંતર યોજના લાગુ નહી કરી રહી હોવાનો આરોપ પણ વેપારીઓએ લગાવ્યો હતો.

આદિવાસી લોકોનો યોગીની મુલાકાત વેળા જ ઉગ્ર વિરોધ

અમદાવાદ, તા.૨

ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ અને મુખ્યમંત્રી વિજય રૂપાણી આજે કેવડિયા ખાતે પહોંચ્યા હતા. જ્યાં તેઓએ સ્ટેચ્યૂ ઓફ યુનિટીની મુલાકાત લીધી હતી. જોકે યોગી આદિત્યનાથ અને વિજય રૂપાણીની મુલાકાત સમયે આદિવાસી સંગઠનોએ પોતાનો ઉગ્ર અને જોરદાર વિરોધ વ્યક્ત કર્યો હતો. જેને લઈ વાતાવરણ થોડા સમય માટે ડહોળાયું પરંતુ પરિસ્થિતિ વધુ વણસે તે પહેલાં જ ફરજ પર હાજર સ્થાનિક પોલીસે વિરોધ કરી રહેલા કેટલાક આદિવાસી કાર્યકરોની અટકાયત કરી હતી.

જોકે, સરકાર અને પોલીસના આ પ્રકારના વલણ સામે આદિવાસીઓએ ભારે વિરોધ કરી સૂત્રોચ્ચાર પણ કર્યા હતા. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સ્ટેચ્યૂ ઓફ યુનિટીના લોકાર્પણ કર્યા બાદ હવે તમામ રાજ્યોના મુખ્યમંત્રીઓ રોજેરોજ કેવડિયા આવીને સ્ટેચ્યૂ ઓફ યુનિટીની મુલાકાત લેશે. જે અંતર્ગત આજે ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ આજે સવારે કેવડિયા ખાતે પહોંચ્યા હતા. જ્યાં તેઓ સ્ટેચ્યૂ ઓફ યુનિટીની મુલાકાત લીધી હતી. જેમાં તેઓ સરદાર પટેલની વિશાળ પ્રતિમા સ્ટેચ્યૂ ઓફ યુનિટી, વેલી ઓફ ફ્લાવર્સ, ટેન્ટ સિટી અને મ્યુઝિયમ સહિતના તમામ આકર્ષણો નિહાળ્યા હતા. આ મુલાકાત સમયે મુખ્યમંત્રી વિજય રૂપાણી પણ તેમની સાથે રહ્યા હતા.

યોગી આદિત્યનાથના આગમન સમયે આદિવાસી સંગઠનોએ પોતાનો વિરોધ વ્યક્ત કર્યો હતો. પોલીસે વિરોધ કરી રહેલા આદિવાસી કાર્યકરોની અટકાયત કરીને રાજપીપળા પોલીસ સ્ટેશન ખાતે લઈ ગઈ હતી. જેને લઈ સમગ્ર આદિવાસી સમાજ અને પંથકમાં ઉગ્ર આક્રોશની લાગણી ફેલાઈ હતી. સરકારના ઈશારે પોલીસની દમનગીરી સામે આદિવાસી સંગઠનોએ ભારે રોષ વ્યકત કર્યો હતો અને આગામી દિવસોમાં વિરોધ પ્રદર્શન જારી રાખવાની ચીમકી ઉચ્ચારી હતી.

આજે આઈઆઈટી ખાતે બ્લોકચેઈન માસ્ટર ક્લાસનું આયોજન

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગરના પાલજ ખાતેની ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી-આઈઆઈટી ખાતેની ઈનોવેશન એન્ડ એન્ટર પ્રિન્યોરશીપ સેન્ટર-આઈઆઈઈસી દ્વારા તા. ૩જી નવેમ્બર શનિવારે સવારે ૯.૩૦ કલાકે બ્લોક ચેઈન માસ્ટર ક્લાસનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં ઝેબીના મેનેજીંગ ડિરેક્ટર તથા સીઈઓ સ્થાપક બાબુ મુનાગલા જેઓ સોફ્ટવેર ઈન્ડસ્ટ્રીઝમાં ટેકનોલોજી લીડર ગણાય છે. તેઓ ઉપસ્થિત રહી ક્લાસમાં માર્ગદર્શન આપશે. આ માસ્ટર ક્લાસમાં સામેલ થનાર આઈટી રસિકોને બ્લોક ચેઈન ટેકનોલોજી અંગે વિસ્તૃત જ્ઞાન પીરસવામાં આવશે.

દિવાળીમાં વિમલ આઈસ્ક્રીમ પ્રસ્તુત કરે છે અનોખો ઉત્સવ ઉપહાર

સુપ્રસિદ્ધ 'વિમલ આઈસક્રીમ' ૪૫ જેટલા વિવિધ ફ્લેવર્સના આઈસક્રીમ જુદા જુદા પેકીંગમાં ઉપલબ્ધ છે. આ દિવાળીમાં એમના ગ્રાહકો માટે પ્રસ્તુત કરે છે "ઉત્સવ ઉપહાર" સ્વાદિષ્ટ કેસર મોહનથાળ આઈસક્રીમ ૭૫૦ ગ્રામ તથા બેનંગ રીષભ ઈન્સ્યુલેટેડ કેસરોલ બન્નેની સાથે કિંમત થાય છે રૂ. ૬૪૬ પરંતુ દિવાળી ઉત્સવ ઉપહાર નિમિત્તે આપશે માત્ર રૂ. ૨૯૫માં, આ ઉપહાર વિમલના દરેક આઉટલેટ પર ધનતેરસના શુભ દિવસે સ્ટોક હશે ત્યાં સુધી ઉપલબ્ધ રહેશે.

દિવાળી આડે ગણતરીના દિવસો રહ્યા છે ત્યારે કાલુપુર સ્વામિનારાયણ મંદિરમાં ભવ્ય લાઈટિંગ કરવામાં આવી છે.

સ્ટેચ્યુ ઓફ યુનિટીને જોવા તમામને વિધિવત અનુરોધ

રાજયની સંસ્કૃતિ અને પરંપરાથી યુવા પેઢી વાકેફ થાય અને વતન પ્રત્યે વધુ આત્મીયતા અને લગાવ આવે તેવા આશયથી મુખ્યમંત્રી વિજય રૂપાણીની પ્રેરણાથી અને બિન નિવાસી ગુજરાતી પ્રભાગ મંત્રી પ્રદિપસિંહ જાડેજાના સીધા માર્ગદર્શન હેઠળ ગુજરાત બિન નિવાસી પ્રભાગ દ્વારા ગુજરાત પરિભ્રમણ યોજના અમલી બનાવી છે જે હેઠળ તામિલનાડુ રાજ્યના ૨૫ યુવાઓની પ્રથમ બેચ ગુજરાતના પ્રવાસે આવી છે. આ યુવાઓ રાજયની ઐતિહાસિક ધરોહર સમાન કલા, વારસો, ઐતિહાસિક સ્થળો તથા આતિથ્ય ભાવથી અત્યંત પ્રભાવીત થયા છે. ગુજરાત પરિભ્રમણ યોજના અંતર્ગત ગુજરાત પ્રવાસે આવેલા આ વિદ્યાર્થીઓને કૃષિ ગ્રામ વિકાસ રાજય મંત્રી જયદ્રથસિંહ પરમારના હસ્તે પ્રમાણપત્ર અને મોમેન્ટો આપી સન્માનિત કરાયા હતા. ગ્રામ વિકાસ રાજ્ય મંત્રી પરમારે ઉમેર્યું હતું કે, તત્કાલિન મુખ્યમંત્રી અને દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વિશ્વની સૌથી ઊંચી સરદાર સાહેબની પ્રતિમા સ્ટેચ્યૂ ઓફ યુનિટીના નિર્માણનું વર્ષ ૨૦૧૩માં ખાતમુહૂર્ત કર્યુ હતું જે આજે સાકાર થયું અને વૈશ્વિક સ્તરે ગુજરાત નવી ઓળખ સાથે પ્રસ્થાપિત થયુ છે. આ પ્રતિમા નિહાળવાનો અવસર માણવા તેમણે અન્ય રાજ્યોમાં વસતા ગુજરાતીઓને આહવાન કર્યુ હતું.

રૈયાણી હત્યા કેસમાં જયરાજને ગુજરાતમાં પ્રવેશવાની બહાલી

સને ૨૦૦૪માં નિલેશ રૈયાણી હત્યા કેસમાં પૂર્વ ધારાસભ્ય જયરાજસિંહ જાડેજાને આજે સુપ્રીમકોર્ટમાંથી રાહત મળી હતી. સુપ્રીમકોર્ટે આજે જયરાજસિંહ જાડેજાને ગુજરાત રાજયમાં પ્રવેશવાની મંજૂરી આપી હતી. અગાઉ વિધાનસભા ૨૦૧૭ની ચૂંટણી પહેલા હાઈકોર્ટ દ્વારા પૂર્વ ધારાસભ્ય જયરાજસિંહ જાડેજા, અમરજીતસિંહ જાડેજા અને મહેન્દ્રસિંહ રાણાને દોષિત કરાર કરી આજીવન કેદની સજા ફરમાવાઈ હતી. દરમ્યાન જયરાજસિંહ દ્વારા સુપ્રીમ કોર્ટમાં જામીન અંગે અરજી કરી હતી. જેમાં ગુજરાત બહાર રહેવાની શરતે જયરાજસિંહ જાડેજા સહિતનાનો જામીન પર છૂટકારો થયો હતો. સજા સામેની અપીલ સુપ્રીમકોર્ટમાં પડતર છે ત્યારે આજે સુપ્રીમ કોર્ટે જયરાજસિંહ જાડેજાને ગુજરાતમાં પ્રવેશવા માટેની મંજૂરી આપી હતી અને એક પ્રકારે તેને રાહત આપી હતી. ગોંડલના પૂર્વ ધારાસભ્ય જયરાજસિંહ જાડેજાને ગુજરાત રાજયમાં પ્રવેશવાની મંજૂરી મળતા જ ગોંડલમાં તેના નિવાસસ્થાન બહાર તેના સમર્થકોએ ફટાકડા ફોડી ઉજવણી કરી હતી. જેમાં સમર્થકોએ જણાવ્યું હતું કે, આ ખુશીન પળ છે, અમે છેલ્લા ઘણા સમયથી જયરાજસિંહ જાડેજાની ગોંડલમાં આવવા માટેની રાહ જોઈ રહ્યા હતા. ત્યારે આજે સુપ્રીમ કોર્ટે ખુશીના સમાચાર આપ્યા છે જેને અમે વધાવી રહ્યા છીએ. આ કેસની વિગત એવી છે કે, ગત તા.૮-૨-૨૦૦૪ની રાતે ગોંડલમાં જેસિંગ કાળા ચોકમાંથી યુટિલિટી જીપમાં પસાર થઈ રહેલા વાછરા ગામના નિલેશ મોહનભાઈ રૈયાણી, જયેશ સાટોડિયા અને રામજી મારકણા કન્યા છાત્રાલય અને ત્યાંથી પરત રાજવાડી તરફ જઈ રહ્યા હતા તે દરમિયાન ત્રણ ગાડીમાં આવેલા જયરાજસિંહ, અમરજીતસિંહ જાડેજા સહિતના આરોપીઓએ ફાયરિંગ કરીને નિલેશ રૈયાણીની હત્યા કરી હતી. આરોપીઓએ વિક્રમસિંહની હત્યાનો બદલો લેવા પૂર્વઆયોજિત કાવતરું રચીને હત્યા કરી હોવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો.

બોડકદેવમાં હાઈકોર્ટના વકીલના ઘરમાંથી ૯૦ હજારની ચોરી

અમદાવાદ, તા.૨

શહેરના બોડકદેવ વિસ્તારના પ્રેમચંદનગર રોડ પર આવેલા સાકેત બંગલોઝમાં રહેતા ગુજરાત હાઈકોર્ટના વકીલના ઘરમાંથી રોકડા રૂ. ૯૦ હજારની ચોરી થઈ હોવાની ફરિયાદ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશનમાં નોંધાઈ છે. ગુમ થયેલી ચાવીથી અથવા ડુપ્લીકેટ ચાવીથી ઘર ખોલી તસ્કરોએ ચોરીને અંજામ આપ્યાની આશંકા સેવાઈ રહી છે. વસ્ત્રાપુર પોલીસે હાલ આ મામલે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. આ અંગે પ્રાપ્ત માહિતી મુજબ, બોડકદેવ વિસ્તારના પ્રેમચંદનગર રોડ પર આવેલા સાકેત બંગલોઝમાં રહેતા અર્પિતભાઈ સંઘવી ગુજરાત હાઈકોર્ટમાં વકીલ છે. તેમના મોટાભાઈ ઈસરોમાં ફરજ બજાવે છે. બે દિવસ પહેલાં તેમના માતા-પિતા થાઈલેન્ડ ગયા હતા. ગઈકાલે સવારે અર્પિતભાઈ અને તેમના ભાઈ ઘર બંધ કરી ઓફિસે ગયા હતા. સાંજે અર્પિતભાઈના ભાઈ ઘરે આવ્યા ત્યારે ઘરમાંથી ચોરી થઈ હોવાની જાણ થઈ હતી. ઘરના કબાટમાં રહેલા રોકડ રૂ. ૯૦ હજાર કોઈ ચોરી કરી ફરાર થઈ ગયું હતું. ઘરનો મુખ્ય અને અંદરનો દરવાજો કોઈ ચાવીથી ખોલેલો જણાયો હતો. દરવાજો તોડ્યા વગર જ ઘરમાં તસ્કરે પ્રવેશ કર્યો હતો. છેલ્લા ચારેક મહિનાથી અર્પિતભાઈના ઘરે રિનોવેશનનું કામકાજ પણ ચાલતું હતું, જેમાં પાંચથી સાત લોકો કામ કરવા આવતા હતા. ઘરમાં ચાર ચાવીના ઝૂડા હતા તેમાંથી એક ઝૂડો અઠવાડિયા પહેલા ગાયબ થઈ ગયો હતો.

બાઈક પર બેસી જા, મારો મોબાઈલ નંબર સેવ કરી લે

શહેર પોલીસ લોકોની સુરક્ષાને લઈ ખાસ કરીને મહિલાઓની સુરક્ષા બાબતે સતર્ક હોવાની વાત કરે છે, પરંતુ હકીકત કંઈક અલગ જ જોવા મળી રહી છે. બોડકદેવ વિસ્તારમાં જાહેર રોડ પર બે યુવકોએ પરિણીતાની છેડતી કરી હોવાનો કિસ્સો સામે આવતાં ભારે ચકચાર મચી ગઈ છે. છાકટા અને બેફામ બનેલા આ લુખ્ખા યુવકોએ પરિણિતાની જાહેરમાં છેડતી કરી મારા બાઈક પર બેસી જા, મારો મોબાઈલ નંબર સેવ કરી લે તેમ કહી પીછો કર્યો હતો. પરિણીતાના પતિએ બંને યુવકોને ઠપકો આપતાં તેઓ તેમને પણ માર મારી ફરાર થઈ ગયા હતા. મહિલાની સુરક્ષાના ધજાગરા ઉડાવતા કિસ્સામાં વસ્ત્રાપુર પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

ગાંધીનગરમાં 'REFCOLD India 2018'- ઈન્ડસ્ટ્રીયલ રેફ્રીજરેશન અને કોલ્ડ ચેઈન ઈન્ડસ્ટ્રી'નું આંતરરાષ્ટ્રિય પ્રદર્શન અને કોન્ફરન્સ યોજાશે

કોલ્ડ અને રેફ્રીજરેશન ઉદ્યોગમાં પડેલી વ્યાપક તકો અને વૃધ્ધિની સંદર્ભમાં ગુજરાતમાં ગાંધીનગરમાં આગામી ૨૨ થી ૨૪ નવેમ્બર, ૨૦૧૮ દરમ્યાન મહાત્મા મંદિર કન્વેન્શન કમ એક્ઝીબીશન સેન્ટર ખાતે 'REFCOLD India 2018' નું આયોજન કરાયું છે. નફો નહીં કરતી સંસ્થા ISHRAE દ્વારા NurenbergMesse Indiaના સહયોગથી યોજાયેલ આ સમારંભમાં કોલ્ડ ચેઈન, ઈન્ડસ્ટ્રીયલ રેફ્રીજરેશન અને રિફર ટ્રાન્સપોર્ટેશન અંગે આંતરરાષ્ટ્રિય પ્રદર્શન અને કોન્ફરન્સ યોજાશે.

'REFCOLD India એ એવું પ્રદર્શન બની રહેશે કે જેમાં રેફ્રીજરેશન સેક્ટરની ઉત્તમ ટેકનોલોજી દર્શાવાશે, જે પ્રોડક્ટસનો બગાડ અટકાવશે અને સેલ્ફ લાઈફમાં વધારો કરીને રોકાણ પરનું વળતર વધારશે. ૧૦૦ થી વધુ એક્ઝીબીટર્સ ભારત અને ચીન, જર્મની અને અમેરિકા જેવા દેશોમાંથી આ ત્રણ દિવસના સમારંભમાં સામેલ થશે. કોલ્ડ સ્ટોરેજ, ફૂડ, ડેરી અને ફાર્માસ્યુટિકલ ઉદ્યોગના સહયોગીઓ આ સમારંભમાં હાજરી આપશે. ફ્રાન્સ, ટર્કી અને ચીના ડેલિગેશન પણ આ સમારંભની મુલાકાત લેશે. મધ્યપ્રદેશ અને ગુજરાતના બાયર્સ ડેલિગેશન તથા દેશભરમાંથી અન્ય વિવિધ કોલ્ડ સ્ટોરેજ એસોસિએશનો પણ સામેલ થશે. REFCOLD Indiaનો ઉદ્દેશ દેશમાં કૃષિ ક્ષેત્રે થતો બગાડ અટકાવવાનો અને ખેડૂતોની આવક બમણી કરવાના પ્રધાન મંત્રીના વિઝન માટે એકંદર વિકાસમાં યોગદાન આપવાનો છે.

આ સમારંભમાં બાયર સેલર મીટ દ્વારા કોલ્ડ ચેઈન અને રેફ્રીજરેશન ઉદ્યોગના સપ્લાયરો અને ગ્રાહકો મળશે. આ સમારંભ ટેકનિકલ વર્કશોપ્સ, પેનલ ચર્ચાઓ અને જ્ઞાનવર્ધક થીમ આધારિત પરિસંવાદોથી સભર રહેશે. કોલ્ડ ચેઈન અને રેફ્રીજરેશન ઉદ્યોગના આ અનોખા અને બૃહદ સમારંભમાં UNEPની આગેવાની હેઠળનો 'Montreal Protocol and Cold Chain' સેમિનાર ધ્યાનાકર્ષક બની રહેશે. જંગી પ્રદર્શન અને કોન્ફરન્સ એક આદર્શ પ્લેટફોર્મ બની રહેશે, જે વ્યૂહરચનાઓ વિકસાવવા અને જોડાણો માટે નેટવર્કિંગની તકો પૂરી પાડશે.આ સમારંભમાં ૧૦ હજારથી વધુ લોકો મુલાકાત લે તેવી સંભાવના છે. મુલાકાતીઓને માટે આ પ્રદર્શનમાં અદ્યતન ઈક્વિપમેન્ટસ અને ટેકનોલોજી પ્રદર્શિત થવાની આશા છે.

દિવાળીનાં તહેવારોમાં ડોક્ટર ઓન કોલની સેવા ૫ નવેમ્બરથી ૧૨ નવેમ્બર સુધી સેવા ઉપલબ્ધ

અમદાવાદ, તા.૨

દિવાળીનાં તહેવારોને ધ્યાનમાં રાખીને અમદાવાદ મેડિકલ એસોસિઅશન (એએમએ) અને અમદાવાદ ફેમિલી ફિઝિશિયન એસોસિએશન (એએફપીએ) દ્વારા સતત નવમાં વર્ષે દર્દીઓ માટે તા. ૫ નવેમ્બરથી તા. ૧૨ નવેમ્બર ૨૦૧૮ દરમિયાન ડોક્ટર ઓન કોલની સેવા રજૂ કરવામાં આવી છે. દર્દીઓ માટે આશિર્વાદરૂપ પૂરવાર થયેલી આ સેવામાં બંને એસોસિએશન દ્વારા ઈએમઆરઆઈ ૧૦૮ અને હોસ્પિટલો સાથે પણ સરળ સંકલન સાધવામાં આવ્યું છે. એએમએ દ્વારા આ ઉપરાંત દિવાળીનાં તહેવારોમાં કાર્યરત ડોક્ટરોનું વોટસ એપ ગ્રુપ બનાવવામાં આવ્યું છે અને ડોક્ટરોની યાદી તેમજ એરિયા કો-ઓર્ડિનેટરોનાં નંબરો પણ પૂરા પાડવામાં આવ્યા છે.

આ અંગે વધુ માહિતી આપતા અમદાવાદ મેડિકલ એસોસિએશનનાં પ્રેસિડેન્ટ ડો. mehul Aen. +aelt એ જણાવ્યું કે, 'દિવાળીનાં તહેવારોમાં મર્યાદિત ડોક્ટરો ઉપલબ્ધ હોવાને લીધે દર્દીઓએ ઘણું સહન કરવું પડતુ હોય છે. દર્દીઓને અગવડો ના પડે અને સમાજને મદદરૂપ થવાય તેવી ભાવનાથી અમદાવાદ મેડિકલ એસોસિએશન (એએમએ) અને અમદાવાદ ફેમિલી ફિઝિશિયન એસોસિએશન (એએફપીએ) દ્વારા છેલ્લા નવ વર્ષથી ડોક્ટર ઓન કોલ દિવાળી સેવાનું આયોજન કરવામાં આવે છે.'

તેમણે વધુમાં જણાવ્યું કે, 'આ વર્ષે સ્વાઈન ફ્લુ, ચિકનગુનિયા, કમળો, મેલેરિયા, ડેન્ગ્યુ તેમજ વાયરલ ઈન્ફેકશન વગેરે જેવા રોગોના દર્દીઓની સંખ્યામાં ઘણો વધારો નોંધાયો છે. ડોક્ટર ઓન કોલ દિવાળી સેવાઓ માટે અમે સ્પેશ્યાલિટી અનુસાર હેલ્પલાઈન નંબરો બનાવ્યા છે. જેના આધારે મદદ મળી રહે છે અને નજીકનાં વિસ્તારમાં કયા ડોક્ટર ઉપલબ્ધ છે તેની જાણકારી મળે છે.'

ડોક્ટર ઓન કોલ દિવાળીનાં પ્રોગ્રામ કો-ઓર્ડિનેટર ડો. પ્રજ્ઞેશ વછરાજાનીએ જણાવ્યું હતું કે, 'એએમએ દ્વારા ટેક્નોલોજીનો પણ પૂરો ઉપયોગ કરવામાં આવ્યો છે. આ અંગેની વિગતો www.ahmedabad medicalassociation.com અને અમદાવાદ મેડિકલ એસોસિએશનનાં ફેસબુક પેજ પર ઉપલબ્ધ છે.' નોન ઈમર્જન્સી કેસોમાં દર્દીઓ વોટસએપના માધ્યમ દ્વારા ડોક્ટરને પોતાની કવેરી મોકલાવી શકે છે, જેનો ડોક્ટરો જ્યારે ફ્રી પડે ત્યારે જવાબ આપશે.

સંઘનું દબાણ

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

નિર્ણય લેતી વેળા એ બાબતની અવગણના કરી શકાય નહીં કે, ભગવાન રામના જન્મસ્થળ પર સ્થિત તેમને મંદિરને તોડી પાડવામાં આવ્યું હતું. શાહે કહ્યું હતું કે, અમને આ વાતને પણ ભુલવી જોઈએ નહીં કે ૬૦૦ વર્ષ પહેલા અયોધ્યામાં રામ મંદિર તોડી પાડવામાં આવ્યું હતું. ઘણા લોકોને એવું લાગે છે કે, અયોધ્યામાં સંત સમાજની માંગનું સમર્થન કરીને સંઘે ભાજપ અને કેન્દ્ર સરકાર ઉપર દબાણ વધાર્યું છે. બીજી બાજુ શાહે પોતાના નિવેદનમાં એવો સંકેત પણ આપ્યો છે કે, પાર્ટી પોતાના વિકાસ અને કલ્યાણ સાથે જોડાયેલા એજન્ડાની સાથે સાથે સાંસ્કૃતિ અને ઓળખનાર આ મુદ્દાને લઈને સાથે ચાલવા માટે ઈચ્છુક છે. અયોધ્યામાં વિવાદાસ્પદ સ્થળ પર મંદિરના નિર્માણને લઈને કાનૂન બનાવવા માટે દબાણ તીવ્ર બની રહ્યું છે. ભાજપ અને સંઘની વચ્ચે પણ માંગ તીવ્ર બની રહી છે. કોંગ્રેસની દલીલ છે કે, તમામ પક્ષોને ન્યાયતંત્રનો આદેશ પાળવો જોઈએ. આ પહેલા બુધવારના દિવસે કેન્દ્ર સરકારને ૧૯૯૪માં સુપ્રીમ કોર્ટમાં તત્કાલિન કોંગ્રેસ સરકાર દ્વારા કરવામાં આવેલા વચનોને પૂર્ણ કરવાની વાતનો ઉલ્લેખ કર્યો હતો. સંઘે કહ્યું હતું કે, તત્કાલિકન સરકાર આ બાબત ઉપર સહમત થઈ ગઈ હતી કે જો બાબરી મસ્જિદ બનાવતા પહેલા ત્યાં મંદિર હોવાના પુરાવા મળી આવશે તો હિન્દુ સમુદાય સાથ આપશે અને વિશ્વ હિન્દુ પરિષદ પણ રામ મંદિરના નિર્માણ માટે કેન્દ્ર પર દબાણ લાવી રહ્યું છે. સંઘના સહ કાર્યવાહક મનમોહન વૈદ્યનું કહેવું છે કે, ઉત્તરપ્રદેશના અયોધ્યામાં રામ મંદિર નિર્માણની બાબત હિન્દુ અને મુસ્લિમ સમુદાય સુધી મર્યાદિત નથી. વૈદ્યએ કહ્યું હતું કે, નમાઝ માટે મસ્જિદ જરૂરી નથી.

માર્ગો ઉપર પણ નમાઝ અદા કરી શકાય છે. બીજી બાજુ બળજબરીપૂર્વક અધિગ્રહણ કરવામાં આવેલી જમીન ઉપર નમાઝ અદા કરી શકાય નહીં. કોર્ટે એમ પણ કહ્યું છે કે, જમીન અધિગ્રહણ કોઈ ધાર્મિક કૃત્ય નથી. તેમણે દાવો કર્યો હતો કે, ૧૯૯૪માં કોંગ્રેસના શાસન દરમિયાન સોલીસીટર જનરલે સુપ્રીમ કોર્ટમાં એફિડેવિટ આપીને કહ્યું હતું કે, જો એવા પુરાવા મળશે કે મંદિર તોડીને મસ્જિદનું નિર્માણ કરવામાં આવ્યું હતું તો સરકાર હિન્દુ સમુદાયની ભાવનાઓની સાથે આગળ વધશે. મનમોહન વૈદ્યના કહેવા મુજબ અમારી પાસે પુરતા પુરાવા છે. સાથે સાથે આ મુદ્દો કોઈપણ નિર્ણય વગર કોર્ટમાં પેન્ડિંગ છે. હવે મુદ્દો માત્ર જમીન અધિગ્રહણ કરવા અને મંદિર નિર્માણ માટે સોંપવાનો છે.

જમીન ખરીદી

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

આપવામાં આવ્યા હતા જેની માર્કેટ મૂડી આઠ લાખ રૂપિયા હતી. રાહુલે કહ્યું હતું કે, દસાએ જે પૈસા આપ્યા હતા તે પૈસામાં અનિલ અંબાણીએ જમીનની ખરીદી કરી હતી. હવે દસાના સીઈઓ કહી ચુકયા છે કે, જમીન હોવાના પરિણામ સ્વરુપે અનિલ અંબાણીને કામ મળી ગયું છે. એચએએલને તમામ લાયકાત હોવા છતાં કામ મળી શક્યું નથી.

દસાએ એક એવી કંપનીમાં પૈસા શા માટે મુક્યા છે જે કોઈ કામ કરી રહી નથી.